પત્રક – ૧

# “લોક દરબાર” અંતર્ગત મળેલ અરજીઓ

કચેરી નું નામ: કાર્યપાલક ઇજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, વેરાવળ.

લોક દરબાર તારીખ :- ૨૦.૦૫.૨૦૧૬

સ્થળ :- મણીબેન કોટક સ્કૂલ, વેરાવળ સમય :- ૧૦:૦૦ કલાકે

જિલ્લાનું નામ :- ગીર સોમનાથ

લોક સંવાદ સેતુ (લોક દરબાર):

| પ્રશ્ન નંબર | રજૂઆતકર્તાનુનામ અને સરનામુ | પ્રશ્ન / રજૂઆતની ટૂંકી વિગત | વિભાગનું નામ | સંબધિત વિભાગના પ્રત્યુતર / આખરી નિકાલની વિગત | નિકાલ હકારાત્મક / નકારાત્મક |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૫ | શ્રી કાળાભાઈ મેરામણભાઈ , મુ. પાંડવા | વેરાવળ તાલુકાનાં પાંડવા ફીડરમાં ખેતીવાડીમાં સતત દિવસ દરમિયાન પાવર સપ્લાય આપવા બાબત | પીજીવીસીએલ | પંડવા વીજ ફિડરને ભેટાળી 66 કેવી માથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે .જેનું ગ્રુપ F14 છે વીજળી માંગ અને પુરવઠા ની સમતુલા જળવાઈ રહે અને સિસ્ટમ પર એકી સાથે ખેતીવાડી લોડ નું ભારણ ન આવે અને સિસ્ટમ નું સારી રીતે નિયમન થઈ શકે તે હેતુ થી પીજીવીસીએલ હેઠળના ખેતી વાડી ફિડરોને કુલ (64) ગ્રુપમાં વિભાજિત કરી દરેક ગ્રુપને મહિનામાં એક અઠવાડીયા સંપૂર્ણ દિવસ દરમ્યાન વિજપુરવઠો ઉપલબ્ધ થાય તે હેતુથી ખેતીવાડી ગ્રુપના અઠવાડિક સમય પત્રક ને મહિના દરમ્યાન જુદા જુદા ચાર સમયગાળામાં વિભાજિત કરવામાં આવેલ છે .અને તે મુજબ દરેક ગ્રૂપને વારા ફરતી રોટેશનપ્રમાણે દરરોજ સરેરાશ આઠ કલાક 3 ફેજ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે .<br>*માહે માર્ચ -૨૦૧૬ દરમ્યાન પંડવા ફિડરમાં નીચે મુજબ ના સમય ગાળા માં વિજપુરવઠો આપવામાં આવે છે .પ્રથમ અઠવાડિયુ(રાત્રે) ૨૨:00 થી ૦૬:૦૦ *બીજું અઠવાડિયું- (સંપૂર્ણ દિવસે) ૧૧:૩૦ થી ૧૯:૩૦ *ત્રીજું અઠવાડિયું- (રાત્રે) ૨૦:૦૦ થી ૪:૦૦ ચોથું અઠવાડિયું- (દિવસે) ૦૪:૦૦ થી ૧૨:૦૦ આ રીતે દરરોજ સરેરાશ ૮ કલાક થ્રી ફેઈજ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે | નીતિવિષયક |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦ | શ્રી ભાવેશભાઈ મેરામણભાઈ ઝાલા, મુ. કોડીદ્રા | કોડીદરા ગામના વીજળીના કનેક્શન માટે પૈસા ભરી દીધેલ હોવા છતાં ગામના લોકોને કનેક્શન આપવામાં આવતું નથી તેમજ જેમના પૈસા ભરાઈ ગયેલ છે તેમને વહેલી તકે કનેક્શન આપવા | પીજીવીસીએલ | સદરહુ અરજદારનો નાયબ ઈજનેરશ્રી આંકોલવાડી દ્વારા રૂબરૂ સંપર્ક કરતાં તેઓ એ જણાવેલ છે કે તેમનું વિરાભાઈ દેવાભાઇ ઝાલા નામનું ખેતી વિષયક વીજ જોડાણ ની અરજી તેઓ દ્વારા તા. ૩૦.૧૧.૨૦૧૨ ના રોજ કરવામાં આવેલી હતી. હાલ આંકોલવાડી પેટા વિભાગીય કચેરીમાં માહે મે ૨૦૧૨ જી પી નંબર ૧૩૯/૧૨ સુધીની રજીસ્ટર થયેલી અરજીઓને ભાવપત્રક આપવામાં આવેલ છે અને ખેતીવાડી વીજ જોડાણો અગ્રતાક્રમ પ્રમાણે આપવામાં આવે છે. જેથી અરજદારના જી પી નંબર ૨૩૮/૧૨ છે. અને તેમને રૂબરૂ તમામ બાબત સમજાવવામાં આવેલ છે અને અગ્રતક્રમ પ્રમાણે તેઓનો અરજીનો વારો આવ્યે તેમનું ભાવપત્રક આપવામાં આવશે,તે બાબતથી તેમને માહિતગાર કરવામાં આવેલ છે. | હકારાત્મક |
| ૨૨ | શ્રી દિલીપસિંહ રાયસિંહ બારડ,મુ.ઉમરાળા, | મારી ૨૫ પૈકી ૨ અને ૨૫ પૈકી ૪ ની જમીનમાં ૨૫ પૈકી ૨ પર એક વીજ જોડાણ હોય મારી માંગણીવાળું વીજ જોડાણ મારી માલિકીના અન્ય જમીનમાં કોટેશન આપવા બાબત. | પીજીવીસીએલ | સદરહુ અરજદારનો નાયબ ઈજનેરશ્રી પ્રભાસપાટણ દ્વારા રૂબરૂ સંપર્ક કરી તેમને મૂળ માંગણીવાળું વીજ જોડાણ પોતાની જ માલિકીમાં અન્ય સર્વે નંબરમાં સ્થળ ફેર કરાવવાનું હોય, બંને સર્વે નંબરના દસ્તાવેજી પુરાવાઓ અને અન્ય ભાગીદારોની નોટરાઈઝડ સંમતિ રૂબરૂ નાયબ ઈજનેરશ્રી પ્રભાસ પાટણ દ્વારા લઈ તેમની રજૂઆત મુજબ તેમને ભાવપત્રક તા. ૨૦/૦૪/૨૦૧૬ ના રોજ આપવામાં આવેલ છે. અરજદાર દ્વારા આ ભાવપત્રક તા. ૨૧/૦૪/૨૦૧૬ ના રોજ ભરપાઈ કરી આપવામાં આવેલ છે અને અરજદારનું વીજજોડાણ ૧૦૦ મીટર ૧૧ કેવી લાઇન અને ૧૦ કે. વી. એ. ટ્રાન્સફોમર સેન્ટર ઊભું કરી અગ્રતાક્રમ મુજબ તા. ૧૪.૦૫.૨૦૧૬ ના રોજ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે | હકારાત્મક/નિકાલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩ | શ્રી નરેન્દ્રસિંહ રામભાઇ પરમાર,મુ.ઈશ્વરીયા | પ્રભાસ પાટણ પેટા વિભાગીય કચેરી હેઠળ ભેરાળા ફિડરમાં દિવસમાં થ્રી ફેઇજ લાઇન આપવા બાબત તેમજ રાત્રિના સિંગલ ફેજ લાઇટ આપવા બાબત. | પીજીવીસીએલ | ભેરાળા વીજ ફિડરને પ્રભાસપાટણ ૬૬ કેવી માથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે .જેનું ગ્રૂપ F16 છે. વીજળી માંગ અને પુરવઠા ની સમતુલા જળવાઈ રહે અને સિસ્ટમ પર એકી સાથે ખેતીવાડી લોડ નું ભારણ ન આવે અને સિસ્ટમ નું સારી રીતે નિયમન થઈ શકે તે હેતુ થી પીજીવીસીએલ હેઠળ ના ખેતી વાડી ફિડરો ને કુલ (64)ગ્રુપ માં વિભાજિત કરી દરેક ગ્રુપ ને મહિના માં એક અઠવાડીયા સંપૂર્ણ દિવસ દરમ્યાન વિજપુરવઠો ઉપલબ્ધ થાય તે હેતુ થી ખેતીવાડી ગ્રુપ ના અઠવાડિક સમય પત્રક ને મહિના દરમ્યાન જુદા જુદા ચાર સમય ગાળા માં વિભાજિત કરવામાં આવેલ છે .અને તે મુજબ દરેક ગ્રૂપને વારા ફરતી રોટેશનપ્રમાણે દરરોજ સરેરાશ આઠ કલાક 3 ફેજ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે .<br>*માહે માર્ચ -૨૦૧૬ દરમ્યાન ભેરાળા ફિડરમાં નીચે મુજબ ના સમય ગાળા માં વિજપુરવઠો આપવામાં આવે છે .પ્રથમ અઠવાડિયુ (દિવસે) ૪:30 થી ૧૨:30 *બીજું અઠવાડિયું- (રાત્રે) ૨૦:૧૫ થી ૦૪:૧૫ *ત્રીજું અઠવાડિયું- (સંપૂર્ણ દિવસે) ૧૦:00 થી ૧૮:00 ચોથું અઠવાડિયું (રાત્રે) ૨૨:30 થી ૦૬:30 આ રીતે દરરોજ સરેરાશ ૮ કલાક થ્રી ફેઈજ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે | નીતિવિષયક |
| ૪૨ | શ્રી ભીખાભાઇ ભગવાનભાઇ પરમાર,મુ.ખંઢેરી, તા. વેરાવળ | ખંઢેરી વાડી વિસ્તારમાં ડ્રિપ ઇરિગેશન દ્વારા જી.જી.આર.સી. હેઠળ પી.ડી.સી. કનેક્શન ચાલુ કરવા બાબત. | પીજીવીસીએલ | સદરહુ અરજદાર દ્વારા તા. ૦૪/૧૨/૨૦૧૨ ના રોજ પી. ડી. સી. રિકનેકશન માટેની અરજી કરવામાં આવેલ હતી જેના અનુસંધાને તેઓ દ્વારા સમયમર્યાદામાં જી.જી.આર.સી. નું ટી. પી. એ. કરેલ ન હોય તેમની જે તે સમયની અરજી રદબાતલ કરવામાં આવેલ હતી. આ બાબતની અરજદારને રૂબરૂ નાયબ ઈજનેરશ્રી પ્રાંચી દ્વારા સમજણ આપી નવી અરજી તા. ૨૦/૦૪/૨૦૧૬ ના રોજ કરી સદર અરજદારના માંગણી વાળા પી.ડી.સી. રિકનેશન બાબતનું ભાવપત્રક તા. ૨૮/૦૪/૨૦૧૬ ના રોજ અરજદારને આપવામાં આવેલ છે. ભાવપત્રક ભર્યે અને જરૂરી ટેસ્ટરિપોર્ટ ભર્યા બાદ અરજદારનું વીજ જોડાણ ચાલુ કરી આપવામાં આવશે. . | હકારાત્મક/નિકાલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૩ | શ્રી કેતનભાઈ કરશનભાઇ ઝાલા, મુ.ખંઢેરી, તા. વેરાવળ | ખંઢેરી ગામે છેલ્લા ૨૫ દિવસથી ટ્રાન્સફોમર બળી ગયેલ હોય, નવું ટ્રાન્સફોમર મળવા બાબત. અમારું ટ્રાન્સફોર્મર ખુબ જ દૂર હોય અને એલ. ટી. માં. કોઇ વીજ જોડાણ વચ્ચે ન હોય, ટ્રાન્સફોર્મર કછે શીફ્ટ કરી આપવા બાબત. | પીજીવીસીએલ | સદરહુ અરજદાર દ્વારા ખંઢેરી ગામના કેતન ઝાલાવાળા ગ્રૂપનો ટી.સી.માથી પાવર ન કાઢવા બાબતનો ફોલ્ટ પ્રાચી પેટા વિભાગીય કચેરીમાં તા. ૨૭/૦૨/૨૦૧૬ના રોજ નોંધાયેલ. જેના અનુસંધાને વિલેજ હેલ્પરશ્રી દ્વારા તા. ૨૯/૦૨/૨૦૧૬ ના રોજ સ્ટડ રીપેર કરી વીજ સપ્લાય રાબેતા મુજબ કરી આપવામાં આવેલ હતો. ત્યારબાદ તા. ૧૭/૦૪/૨૦૧૬ના રોજ આ ટ્રાન્સફોર્મર ફેઇલ થયા અંગેનો રિપોર્ટ કરવામાં આવેલ હતો. જેના અનુસંધાને તા. ૧૯/૦૪/૨૦૧૬ ના રોજ આ વીજ ટ્રાન્સફોર્મર બદલી આપવામાં આવેલ હતું. આ વીજ ટ્રાન્સફોર્મર પર હાલ ૧૦ એચ. પી. નો લોડ છે. તથા અરજદારને સાથે રાખી નાયબ ઈજનેરશ્રી પ્રાંચી દ્વારા સર્વે કરવામાં આવેલ છે. અને હયાત ટ્રાન્સફોર્મરની જગ્યા લોડ સેંટરમાં રાખવા અંગેની કામગીરી તા. ૧૭/૦૫/૨૦૧૬ ના રોજ પુર્ણ કરી આપવામાં આવેલ છે. | હકારાત્મક/નિકાલ |
| ૪૪ | શ્રી વજુભાઈ પુંજાભાઈ બારડ,મુ.ખંઢેરી | ખંઢેરી ગામના ભૂતળાદાદા ગ્રૂપ ટી. સી. માથી પૂરતો પાવર મળતો ન હોય ટી. સી. બે ગ્રૂપમાં વહેચી આપવા બાબત. | પીજીવીસીએલ | ૧૧ કેવી ખંઢેરી એ. જી. ફિડરમાં આવેલ ભૂતળાદાદા વાળા ગ્રૂપનો સર્વે રજૂઆતકર્તાને સાથે રાખી નાયબ ઈજનેરશ્રી પ્રાંચી દ્વારા સર્વે કરવામાં આવેલ છે. આ હયાત વીજ ટ્રાન્સફોર્મરનું બાઈફ્કેશન કરી પૂરતા દબાણથી વીજ પુરવઠો મળી રહે તે અંગેની કામગીરી તા. ૧૭/૦૫/૨૦૧૬ ના રોજ પૂર્ણ કરી આપવામાં આવેલ છે. | હકારાત્મક/નિકાલ |
| ૪૭ | શ્રી રમેશ નાથાભાઇ ઝાલા મુ.ખંઢેરી | સરસ્વતી જ્યોતિગ્રામ તથા ખંઢેરી એ.જી.વાડી વિસ્તારનું વાયરિંગ બદલવા તથા ટી.સી.લાઇન રીપેર કરી સરસ્વતી જ્યોતિગ્રામનું ક્રોસિંગ દૂર કરવા બાબત. | પીજીવીસીએલ | રજૂઆતકર્તાને સાથે રાખી નાયબ ઈજનેરશ્રી પ્રાંચી દ્વારા સરસ્વતી જ્યોતિગ્રામ તથા ખંઢેરી એ.જી. ફિડરનો સર્વે કરવામાં આવેલ છે. અને સર્વે મુજબ સરસ્વતી જ્યોતિગ્રામ યોજનામાં ૧૨ જર્જરિત પોલ અને 22 ગાળા  વીજ વાયરિંગનું રીસ્ટ્રીગિંગ તા. ૧૮/૦૫/૨૦૧૬ સુધીમાં કરી આપવામાં આવશે. તથા અરજદાર દ્વારા જણાવેલ ૧૧ કે.વી. ખંઢેરી ફિડરના ત્રણ એલ.ટી. ગ્રૂપનું જૂરરી સમારકામ કે જેમાં ૧૨ વીજ પોલ સીધા કરવાની તથા ૧.૦ કી.મી. વાયરિંગ બદલવાની કામગીરી તા. ૧૮/૦૫/૨૦૧૬ સુધીમાં પુર્ણ કરી આપવામાં આવશે.  તથા ૧૧ કે. વી. સરસ્વતી અને ખંઢેરી એ.જી. ફિડરમાં. ક્રોસિંગમાં ૧૧ કે.વી. એ.બી. કેબલની કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે, અને આ ક્રોસિંગ તા. ૧૮/૦૫/૨૦૧૬ ના રોજ કેબલ ચાર્જ કરી દૂર કરી આપવામાં આવેલ છે. | હકારાત્મક/નિકાલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૮ | શ્રી અરજણ ઉકાભાઈ ડોડીયા મુ. ખંઢેરી | ખંઢેરી એ. જી. ગ્રૂપ મોટું હોય એલ. ટી. લાઇન લાંબી હોય ગ્રૂપમાં બે ટી. સી. મૂકવા બાબત. | પીજીવીસીએલ | સદરહુ રજૂઆતકર્તાને સાથે રાખી ૧૧ કે. વી. ખંઢેરી એ. જી. ફિડરમાં. આવતો લીમડીવાળા ગ્રૂપનો નાયબ ઈજનેરશ્રી પ્રાંચી દ્વારા સર્વે કરી આ ગ્રૂપના ટ્રાન્સફોમરનું વિભાગીકરણ કરી તા. ૧૮/૦૫/૨૦૧૬ ના રોજ કામગીરી પુર્ણ કરી આપવામાં આવેલ છે. | હકારાત્મક/નિકાલ |
| ૬૨ | શ્રી રમેશભાઈ સરમણભાઇ વાજા<br>મુ:- નાવદ્રા<br>તા:- વેરાવળ | નાવદ્રા ગામના વાડી વિસ્તારમાં દિપડાના ત્રાસના કારણે દિવસની પાળીની લાઇટ આપવા બાબત. | પીજીવીસીએલ | નાવાદ્રા ગામનો ખેતીવાડી વિસ્તાર જે પંડવા વીજ ફિડરમાં આવેલ છે તે ફિડરને ભેટાળી 66 કેવી માથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે .જેનું ગ્રુપ **F14** છે વીજળી માંગ અને પુરવઠા ની સમતુલા જળવાઈ રહે અને સિસ્ટમ પર એકી સાથે ખેતીવાડી લોડ નું ભારણ ન આવે અને સિસ્ટમ નું સારી રીતે નિયમન થઈ શકે તે હેતુ થી પીજીવીસીએલ હેઠળના ખેતી વાડી ફિડરોને કુલ (**64**) ગ્રુપમાં વિભાજિત કરી દરેક ગ્રુપને મહિનામાં એક અઠવાડીયા સંપૂર્ણ દિવસ દરમ્યાન વિજપુરવઠો ઉપલબ્ધ થાય તે હેતુથી ખેતીવાડી ગ્રુપના અઠવાડિક સમય પત્રક ને મહિના દરમ્યાન જુદા જુદા ચાર સમયગાળામાં વિભાજિત કરવામાં આવેલ છે .અને તે મુજબ દરેક ગ્રૂપને વારા ફરતી રોટેશનપ્રમાણે દરરોજ સરેરાશ આઠ કલાક 3 ફેજ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે .<br>*માહે માર્ચ -૨૦૧૬ દરમ્યાન પંડવા ફિડરમાં નીચે મુજબ ના સમય ગાળા માં વિજપુરવઠો આપવામાં આવે છે .પ્રથમ અઠવાડિયુ(રાત્રે) ૨૨:00 થી ૦૬:00 *બીજું અઠવાડિયું- (સંપૂર્ણ દિવસે) ૧૧:૩૦ થી ૧૯:૩૦ *ત્રીજું અઠવાડિયું- (રાત્રે) ૨૦:૦૦ થી ૪:૦૦ ચોથું અઠવાડિયું- (દિવસે) ૦૪:૦૦ થી ૧૨:૦૦ આ રીતે દરરોજ સરેરાશ ૮ કલાક થ્રી ફેઈજ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે | નીતિવિષયક |
| ૬૩ | શ્રી દિપક ભીખાભાઇ સોલંકી<br>મુ:- તાંતીવેલા<br>તા:- વેરાવળ | તાંતીવેલા ગામે નવા પ્લોટ વિસ્તારમાં ટી. સી. નાખવા બાબત. | પીજીવીસીએલ | સદરહુ રજૂઆતકર્તાને સાથે રાખી નાયબ ઈજનેરશ્રી પ્રભાસ પાટણ દ્વારા તાંતીવેલા ગામે નવા પ્લોટ વિસ્તારમાં જરૂરી સમારકામ ટ્રાન્સફોર્મર મેન્ટેનન્સ તથા એલ.ટી. એ.બી. કેબલ રીસ્ટ્રીંગીંગ (300 મીટર) તા. ૨૦/૦૪/૨૦૧૬ ના રોજ કરી આપવામાં આવેલ છે. | હકારાત્મક |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭૪ | શ્રી વરજાંગભાઈ રૂડાભાઇ સેવરા<br>મુ:- ભાલપરા<br>તા:- વેરાવળ | ભાલપરા વિસ્તાર આજુબાજુ જ્યોતિ લાઇટ ન હોવાથી પૂરતી વીજળી મળતી ન હોય ઑજી. વિસ્તારમાં જ્યોતિગ્રામની લાઇટ આપવા બાબત. | પીજીવીસીએલ | જ્યોતિગ્રામ વીજ યોજનાની માર્ગદર્શિકા મુજબ આ યોજના ગમતળનો વિસ્તાર હોય તેમને જ લાગુ પડે છે. અરજદારના જણાવ્યા મુજબ વિસ્તારો જો ગામતળમાં સમાવિષ્ટ હોય તેવા પુરાવાઓ મળ્યે જ્યોતિગ્રામ ફિડરનો વીજ પુરવઠો આપવા અંગેની નિયમાધીન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. હાલ આ તમામ વિસ્તારોને વેરાવળ એસ. એસ. માથી નીકળતા ડાભોર ખેતીવાડી વીજ ફિડરમાથી ૨૪ ક્લાક સીંગલ ફેઝ વીજ પુરવઠો આપવામાં આવે છે. આ વિસ્તાર ભાલપરા ગામતળથી આશરે ૮ કી.મી. જેટલો દૂર છે. | નીતિવિષયક |
| ૭૫ | શ્રી વિક્રમભાઈ કરશનભાઇ પટાટ<br>મુ:- ભાલપરા<br>તા:- વેરાવળ | પાટણ વિસ્તાર કંસારાની કાદી અને પીપળી કાદી વિસ્તારમાં ઘર વપરાશના મીટરમાં જ્યોતિગ્રામના લાઇટ કનેક્શન આપવા બાબત | પીજીવીસીએલ | રજૂઆતકર્તાને સાથે રાખી નાયબ ઈજનેરશ્રી પ્રભાસ પાટણ દ્વારા બંને કાદી વિસ્તારમાં સર્વે કરવામાં આવેલ છે આ બંને વિસ્તારો ખેતીવાડીની વચ્ચે આવેલા છે અને આ જગ્યા સરકારી ખરાબો છે. જ્યોતિગ્રામ યોજનાની માર્ગદર્શિકા મુજબ ફક્ત ગામતળમાં જ જ્યોતિગ્રામ ફિડરનો વીજ સપ્લાય આપી શકાય છે. આ વિસ્તાર ખેતીવાડી વિસ્તારમાં આવેલો હોય આ વિસ્તારોને હાલ ખેતીવાડી વીજ ફિડરમાથી ૨૪ ક્લાક સીંગલ ફેઝ વીજ પુરવઠો આપવામાં આવે છે. આ બંને વિસ્તારો ભાલપરા ગામતળથી આશરે ૫ કી.મી. જેટલા દૂર છે. | નીતિવિષયક |
| ૮૦ | શ્રી નારણ ઉકા સોલંકી મુ. આજોઠા તા. સુત્રાપાડા | આજોઠા વાડી વિસ્તારમાં કટકે કટકે પાવર આપવામાં આવે ર્હે તેમજ જંગલો જાનવરનો ભય હોય આ વિસ્તારને દિવસની પાળી દરમ્યાન પાવર આપવો. | પીજીવીસીએલ | આજોઠા વીજ ફિડર 66 કેવી પ્રભાસ પાટણ એસ. એસ. માથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે, જેનું ગ્રુપ F-૧૩ છે વીજળી માંગ અને પુરવઠા ની સમતુલા જળવાઈ રહે અને સિસ્ટમ પર એકી સાથે ખેતીવાડી લોડ નું ભારણ ન આવે અને સિસ્ટમ નું સારી રીતે નિયમન થઈ શકે તે હેતુ થી પીજીવીસીએલ હેઠળ ના ખેતી વાડી ફિડરો ને કુલ (64) ગ્રુપ માં વિભાજિત કરી દરેક ગ્રુપ ને મહિના માં એક અઠવાડીયા સંપૂર્ણ દિવસ દરમ્યાન વિજપુરવઠો ઉપલબ્ધ થાય તે હેતુ થી ખેતીવાડી ગ્રુપ ના અઠવાડિક સમય પત્રક ને મહિના દરમ્યાન જુદા જુદા ચાર સમય ગાળા માં વિભાજિત કરવામાં આવેલ છે .અને તે મુજબ દરેક ગ્રૂપને વારા ફરતી રોટેશનપ્રમાણે દરરોજ સરેરાશ આઠ કલાક 3ફેઝ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે .<br>*માહે માર્ચ -૨૦૧૬ દરમ્યાન અજોઠા ફિડરમાં નીચે મુજબ ના સમય ગાળા માં વિજપુરવઠો આપવામાં આવે છે .પ્રથમ અઠવાડિયુ(દિવસે) ૦૪:૦૦ થી ૧૨:૦૦ * બીજું અઠવાડિયું- (રાત્રે) ૨૦:૦૦ થી ૪:૦૦ *ત્રીજું અઠવાડિયું- (સંપૂર્ણ દિવસ) ૧૧:૩૦ થી ૧૯:૩૦ ચોથું અઠવાડિયું- (રાત્રે) ૨૨:૦૦ થી ૦૬:૦૦ આ રીતે દરરોજ સરેરાશ ૮ કલાક થ્રી ફેઈજ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. | નીતિવિષયક |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૪ | શ્રી ખેર કેશર કરશન મુ. સવની | એચ. વી. ડી. એસ. નું કામ પૂર્ણ કરવા બાબત.તથા રામદેવ ફિડરના સમારકામ બાબત | પીજીવીસીએલ | સદરહુ અરજદારનો રૂબરૂ સંપર્ક કર્તા તેઓ દ્વારા જણાવવામાં આવેલ છે કે, મારા કાશા વાળા ખેર વાળા ગ્રૂપમાં એચ. વી. ડી. એસ. અંગેની કામગીરી અધૂરી છે. તેમજ રામદેવ એ.જી. ફિડરમાં સમારકામની જરૂરિયાત જણાય છે. સદરહુ બંને લોકેશનનો સર્વે કરી તા. ૩૦/૦૫/૨૦૧૬ સુધીમાં જરૂરી સમારકામ કરાવી આપવામાં આવશે.<br>સદરહુ આર્જદરના જણાવ્યા મુજબ ગ્રૂપ ૧૧ કે.વી. રામદેવ ફિડરમાં આવેલ છે. જે તે સમયે આ ગ્રૂપમાં ૧૧ કે.વી. ના ક્ન્વરઝન બાબતે વધારે પડતાં નાળિયેરીના વૃક્ષો હોવાથી વાંધો ઊભો કરવામાં આવેલ હતો. જેના અનુસંધાને ત. ૨૬/૦૪/૨૦૧૬ ના રોજ નાયબ ઈજનેરશ્રી પાટણ દ્વારા જરૂરી સર્વે કરી લાઇન રીરુટ કરી આ ગ્રૂપની કામગીરી તા. ૨૮/૦૪/૨૦૧૬ ના રોજ પૂર્ણ કરી આપવામાં આવેલ હતી.<br>રામદેવ એ. જી. ફિડરમાં જરૂરી ટ્રી કટીંગનું કામ ૨૪ ઢીલા ગાળા ખેંચવાનું કામ અને મેઇન લાઇનમાં રી-જમ્પરીંગનું કામ તા. ૧૪/૦૫/૨૦૧૬ ના રોજ પૂર્ણ કરી આપવામાં આવેલ છે. | હકારાત્મક/નિકાલ |
| ૮૫ | શ્રી વીરા લખમણ ગોહિલ મુ:- ખંઢેરી | સને-૨૦૧૨ માં મંજૂર થયેલ કનેક્શન કોટેશન ભરેલ હોવા છતાં કનેક્શન આપેલ નથી. | પીજીવીસીએલ | સદરહુ અરજદારને વીજ કનેક્શન આપવા માટે જે તે સમયે વાંધો પડતાં વીજ લાઇન ઊભી થઈ શકેલ ન હતી. ત્યારબાદ વાંધો દૂર કરી જરૂરી વીજ લાઇન ઊભી કરી વીજ જોડાણની કામગીરી પૂર્ણ કરી તા. ૩૦/૦૪/૨૦૧૬ ના રોજ આ વીજ જોડાણ રીલીઝ કરી આપવામાં આવેલ છે. | હકારાત્મક |
| ૮૬ | શ્રી રામભાઇ લખમણભાઈ વાળા<br>મુ:- ઇણાજ તા. વેરાવળ | વરુડી સિમ પ્રા. શાળા-ઇણાજમાં જ્યોતિ વીજ કનેક્શન આપવા બાબત. | પીજીવીસીએલ | રજૂઆતકર્તાને સાથે રાખી નાયબ ઈજનેરશ્રી પ્રભાસ પાટણ દ્વારા આ સિમશાળાનો સર્વે કરવામાં આવેલ છે. સીમશાળા હોવાના કારણે તેઓની માંગણી જ્યોતિગ્રામ ફિડરમાથી વીજ પુરવઠો મળી રહે તેવી છે. પરંતુ, હાલ આ શાળામાં સીંગલ ફેઝ વીજ જોડાણ નંબર ૮૧૨૧૯/૦૦૩૯૫/૬ કે જે .આચાર્યશ્રી વરુડી સિમશાળા નામનું છે અને તા. ૨૭.૦૪.૨૦૦૫ ના રોજ રીલીઝ કરવામાં આવેલ છે તેને ૧૧ કે.વી. ઉકડિયા ખેતીવાડી વીજ ફિડરમાથી ૨૪ ક્લાક સીંગલ ફેઝ વીજ પુરવઠો આપવામાં આવે છે. | નીતિવિષયક |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૭ | સોમત મેરામણ છાત્રોડિયા મુ આંબલીયાળા તા. વેરાવળ | સને-૨૦૧૩માં નાણાં ભરેલ છે, કનેક્શન આપતા નથી. | પીજીવીસીએલ | રજૂઆતકર્તાને સાથે રાખી નાયબ ઈજનેરશ્રી પ્રભાસ પાટણ દ્વારા રૂબરૂ મુલાકાત લેતા તેઓ જણાવે છે કે, તેમનું આંબલીયાળા ગામના સર્વે નંબર ૩૧ અને સર્વે નંબર ૨૦૨ માં નવા વીજ જોડાણની માંગણી જે વર્ષ ૨૦૧૩ માં કરવામાં આવેલ હતી. હાલ આ બંને સર્વે નંબરમાં એક-એક વીજ જોડાણ ચાલુ છે. જેથી મારી માંગણીવાળા વીજ જોડાણ મારી માલિકીના અન્ય સર્વે નંબરમાં શીફ્ટ કરી આપવા. સદરહુ અરજદારને પ્રભાસ પાટણ પેટા વિભાગીય કચેરી દ્વારા બંને અરજીઓના સંદર્ભે હાલ બંને સર્વે નંબર ઉપર એક વીજ જોડાણ ચાલુ છે તે અંગેની તા. ૩૧/૧૨/૨૦૧૫ ના રોજ નોટિસ દ્વારા જાણ કરવામાં આવેલ હતી. અરજદારની શીફ્ટીંગ અંગેની મંજૂરી અર્થે તેમને રૂબરૂ બંને સર્વે નંબરોના જરૂરી તમામ દસ્તાવેજો જમા કરાવવા જણાવવામાં આવેલ છે અને પત્ર નંબર ૩૩૩૬ તા. ૧૯/૦૪/૨૦૧૬ થી તેમને જાણ કરતો પત્ર પણ મોકલવામાં આવેલ છે. અરજદારના જણાવ્યા મુજબ તેઓ દિન-૧૦માં જરૂરી દસ્તાવેજી પુરાવાઓ અત્રેની કચેરીને જમા કરાવશે ત્યારબાદ આગળની જરૂરી કાર્યવાહી ત્વરીત કરવા બાબતની અરજદારને સમજણ આપવામાં આવેલ છે. | હકારાત્મક |
| ૮૮ | ભરત બાબુભાઇ જોરા. મુ. ઊંબા તા. વેરાવળ | ઊંબા ગામે હરિજનવાસ પાસે ૪-૫ વીજ પોલ જર્જરિત હોય, બદલી આપવા. | પીજીવીસીએલ | રજૂઆતકર્તાને સાથે રાખી નાયબ ઈજનેરશ્રી પ્રભાસ પાટણ દ્વારા ઊંબા ગામના નવા પ્લોટ તથા હરીજનવાસ વિસ્તારમાં સર્વે કરવામાં આવેલ છે. સર્વે મુજબ ૫ પોલ વીજપોલ બદલવાની કામગીરી તા. ૧૭/૦૫/૨૦૧૬ ના રોજ પૂર્ણ કરી આપવામાં આવેલ છે. | હકારાત્મક/નિકાલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૯ | પ્રતાપ વરજાંગ જાદવ મુ. નાવદ્રા | પંડવા ફિડરને ગીર શેડ્યુલમાં પાવર આપવા બાબત. | પીજીવીસીએલ | પંડવા વીજ ફિડરને ભેટાળી 66 કેવી માથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે .જેનું ગ્રુપ **F14** છે વીજળી માંગ અને પુરવઠા ની સમતુલા જળવાઈ રહે અને સિસ્ટમ પર એકી સાથે ખેતીવાડી લોડ નું ભારણ ન આવે અને સિસ્ટમ નું સારી રીતે નિયમન થઈ શકે તે હેતુ થી પીજીવીસીએલ હેઠળના ખેતી વાડી ફિડરોને કુલ (**64**) ગ્રુપમાં વિભાજિત કરી દરેક ગ્રુપને મહિનામાં એક અઠવાડીયા સંપૂર્ણ દિવસ દરમ્યાન વિજપુરવઠો ઉપલબ્ધ થાય તે હેતુથી ખેતીવાડી ગ્રુપના અઠવાડિક સમય પત્રક ને મહિના દરમ્યાન જુદા જુદા ચાર સમયગાળામાં વિભાજિત કરવામાં આવેલ છે .અને તે મુજબ દરેક ગ્રૂપને વારા ફરતી રોટેશનપ્રમાણે દરરોજ સરેરાશ આઠ કલાક 3 ફેજ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે .<br>*માહે માર્ચ -૨૦૧૬ દરમ્યાન પંડવા ફિડરમાં નીચે મુજબ ના સમય ગાળા માં વિજપુરવઠો આપવામાં આવે છે .પ્રથમ અઠવાડિયુ(રાત્રે) ૨૨:00 થી ૦૬:00 *બીજું અઠવાડિયું- (સંપૂર્ણ દિવસે) ૧૧:30 થી ૧૯:30 *ત્રીજું અઠવાડિયું- (રાત્રે) ૨0:00 થી ૪:00 ચોથું અઠવાડિયું- (દિવસે) ૦૪:00 થી ૧૨:00 આ રીતે દરરોજ સરેરાશ ૮ કલાક થ્રી ફેઈજ વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે | નીતિવિષયક |
| ૧૨૦ | બાબુભાઇ દેવભાઈ રામ મુ. તાંતીવેલા તા. વેરાવળ | ડાભોર-તાંતીવેલા ફિડર ભાગ પાડી ૧૧ કે. વી. બદલવા અંગે. | પીજીવીસીએલ | નવું ૬૬ કે.વી. ગોવિંદપરા એસ. એસ. મંજૂર થઈ ગયેલ છે. જેનું બાંધકામનું કામ જેટકો દ્વારા હાથ ઉપર છે. આ એસ. એસ. કાર્યરત થઈ જતાં ડાભોર ફિડરનું તાત્કાલિક બાયફ્કેશન કરી આપવામાં આવશે. | હકારાત્મક |
| ૧૩૩ | ઈસાભાઈ ઇભ્રામભાઇ ચૌહાણ મુ. ગોવિંદપરા તા. વેરાવળ | ગોવિંદપરા નવા ગામતળમાં ઇલેક્ટ્રીક પોલ ઊભા કરવા તેમજ જૂના ગામતળમાં વાયરીંગ બદલવા બાબત. | પીજીવીસીએલ | રજૂઆતકર્તાને સાથે રાખી નાયબ ઈજનેરશ્રી પ્રભાસ પાટણ દ્વારા સદરહુ વીજ લાઇનનો સર્વે કરવામાં આવેલ છે અને લાંબા ગાળામાં જરૂરી ૭ વીજ પોલ તા. ૨૦/0૪/૨૦૧૬ ના રોજ ઊભા કરી કામગીરી પૂર્ણ કરી આપવામાં આવેલ છે. | હકારાત્મક |
| ૧૩૪ | અરસીભાઈ કાનાભાઇ વાળા મુ. ખંઢેરી તા. વેરાવળ | અરજદારશ્રીની વાડીની બાજુમાથી પસાર થતી લાઇન ૧૧ કે. વી. માથી ટી. સી. આપવા. | પીજીવીસીએલ | સદરહુ અરજદારના વીજ ટ્રાન્સફોર્મરના એલ. ટી. લાઇનના સર્વે કરતાં તેમને અલગથી ટ્રાન્સફોર્મર આપવાની માંગણી હોય, જેના અનુસંધાને સ્થળ પીઆર આ ગ્રૂપનો નાયબ ઈજનેરશ્રી પ્રાંચી દ્વારા સર્વે કરતાં આ ગ્રૂપનું ટ્રાન્સફોર્મર ૬૩ કે. વી. એ. નું છે. જેમાં હાલ ૫૧ કે. વી. એ. લોડ છે. તેથી તાંત્રિક રીતે જરૂરી નથી. પરંતુ , સદરહુ અરજદારના ગ્રૂપમાં જરૂરી એલ.ટી. લાઇનનું સમારકામ તા. ૧૪/0૫/૨૦૧૬ ના રોજ પૂર્ણ કરી આપવામાં આવેલ છે. | હકારાત્મક/નિકાલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩૫ | છાત્રોડીયા ગોપાલભાઈ માલદેવભાઇ ગામ. કુકરાશ | કુકરાશ ગામે જર્જરિત વાયર બદલવા અને મેન્ટેનન્સ બાબત. | પીજીવીસીએલ | સદરહુ રજૂઆતકર્તાને સાથે રાખી નાયબ ઈજનેરશ્રી પ્રાંચી દ્વારા કુકરાશ ગામના સીમ વિસ્તારમાં આવેલ ત્રણ ખેતીવાડી એલ.ટી. ગ્રૂપમાં સર્વે કરવામાં આવેલ છે. સદરહુ સર્વે દરમ્યાન એલ. ટી. લાઇનના કંડક્ટર તથા ૬ વીજ પોલ બદલવાની જરૂરી કામગીરી તા. ૧૮/૦૫/૨૦૧૬ ના રોજ પૂર્ણ કરી આપવામાં આવેલ છે. | હકારાત્મક/નિકાલ |
| ૩૪ | મહમદ ભીખાભાઈ તવાણી | દલિત વિસ્તાર તેમજ નવા પ્લોટવિસ્તાર મા જ્યોતિ લાઈટપહોચાડવા તેમજપ્લોટ વિસ્તારમાં પોલ ઉભા થયેલ હોય વાયરિંગ થયેલ હોય તાત્કાલિક પાવર આપવા બાબત તેમજ ગામ ની અંદર થી પસાર થયેલ ઇલેવન કેવી ના વાયર બદલવા અને ગામની અંદર વાયરીંગ મા ગાર્ડ કરવું અનેજુના ગામ વિસ્તાર મા મેન્ટેનન્સ કરવા બાબત તેમજ ચોમાસાને કારણે વાડી વિસ્તારમા મેન્ટેનન્સ કરવા બાબત | પીજીવીસીએલ | (૧) સીડોકર ગામના દલિત વિસ્તાર તેમજ નવા પ્લોટ વિસ્તારમાં જ્યોતિગ્રામ પાવર પહોંચાડી ને કુલ ૩૯ અરજદારોને મીટર લગાડી પાવર ચાલુ કરી આપેલ છે.<br>(૨) સીડોકર ગામના જુના ગામતળની અંદર આવેલ ૧૧ કેવી સીડોકર જ્યોતિગ્રામ લાઈનના કુલ ૪ કીમી વાયરો બદલાવી આપવામાં આવેલ છે તેમજ જરૂરી ૨૦ ગાળામાં ગાર્ડીંગ કરી આપેલ છે. જે અરજદારશ્રી ની રૂબરૂ મા કામ પૂર્ણ કરેલ છે.<br>(૩) સીડોકર ગામના જુના ગામતળ વિસ્તારમાં જરૂરી મેન્ટેનન્સ સીડોકર જ્યોતિગ્રામ ફીડરમાં એલ.ટી.લાઈનનું ૨.૫ કીમી માં અરજદારની રૂબરૂ મા પૂર્ણ કરવામાં આવેલ છે.<br>(૪) સીડોકર ગામના વાડી વિસ્તારમા સુપાસી ખેતીવાડી ફીડરમાં અરજી મુજબના કુલ ૩ ગ્રુપોમાં મેન્ટેનન્સ કરવા માટે સર્વે કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે,જે એનેક્ષર-અ મુજબનું છે, જેની કુલ રકમ રૂ. ૪ લાખ થાય છે અને મેન્ટેનન્સ કામગીરી હાલ શરૂ છે. જે તા. ૨૪/૦૫/૨૦૧૬માં પૂર્ણ કરવામાં આવશે.(એનેક્ષર-અ આ સાથે સામેલ છે. | હકારાત્મક/ પ્રગતિ હેઠળ |